# ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ

GUVNL

સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ- વડોદરા-૩૯૦૦૦૭

## રાજ્યમાં પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ્ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજના હેઠળ ઓફ ગ્રીડ સોલાર ઊર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ મેળવવા માટે અરજી નોંધણી કરવા બાબત

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હેઠળની વીજ વિતરણ કંપનીઓ DGVCL, MGVCL, PGVCL અને UGVCL દ્વારા સરકારશ્રીની પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ્ ઉત્થાન મહાભિયાન PM-KUSUM યોજનાના કોમ્પોનન્ટ-B હેઠળ સ્ટેન્ડ એલોન ઓફ ગ્રીડ સોલાર ઊર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ મેળવવા માટે અરજીઓની નોંધણી સ્ટેટ પોર્ટલ https://pmkusum.guvnl.com ઉપર તા.૨૧-૦૮-૨૦૨૫ થી તા.૦૬-૦૯-૨૦૨૫ સુધી કરવામાં આવશે.

૧ આ યોજનામાં જ્યાં ગ્રીડ સપ્લાય ઉપલબ્ધ નથી તેવા ઓફ ગ્રીડ વિસ્તારમાં પિયત માટે/હયાત ડીઝલથી ચાલતા પંપ સેટને બદલવા માટે ખેડૂતોને સ્ટેન્ડ એલોન સોલાર એગ્રીકલ્ચર પંપ સ્થાપિત કરવા માટે સહાય કરવામાં આવશે. આ યોજનામાં હયાત ગ્રીડથી વીજજોડાણ આપવુ ટેક્નીકલી/ કોમર્શીયલી વાયેબલ (વ્યવહારૂ) ન હોય તેવા દુર-સુદુરના વિસ્તાર, જંગલ, ઓફ ગ્રીડ વિસ્તારમાં ડીઝલથી ચાલતા પંપ સેટને બદલવા માટે ખેત તલાવડી તથા સરફેસ વોટરથી પિયત સુવિધા ધરાવતા અરજદારોનો સમાવેશ કરવામાં આવશે. આ યોજનામાં કૃષિ હેતુ ૧,૨,૩,૫,૭.૫ અને ૧૦ હો.પા.ના સોલાર પંપનો સમાવેશ થઇ શકશે.

૨ આ યોજના હેઠળ પિયત સહકારી મંડળી/સંગઠન અને ક્લસ્ટર આધારિત સિંચાઈ સિસ્ટમ પણ આવરી લેવામાં આવશે. જો કે, નાના અને સીમાંત ખેડૂતોને પ્રાધાન્ય આપવામાં આવશે. સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિઓનો ઉપયોગ કરતાં અથવા સુક્ષ્મ સિંચાઇ યોજનાઓ હેઠળ આવરી લેનારા અથવા સુક્ષ્મ સિંચાઇ પદ્ધતિની યોજનામાં જોડાનાર ખેડૂતો/અરજદારોને પ્રાધાન્ય આપવામાં આવશે.

૩ આ યોજનામાં લાભાર્થીને કુલ સીસ્ટમ (બેન્ચમાર્ક કોસ્ટ અથવા ટેન્ડર કોસ્ટમાં જે ઓછુ હોય તે) ખર્ચના ૩૦% રકમ કેન્દ્ર સરકારની સહાય (CFA) તરીકે, ૩૦% રકમ રાજ્ય સરકારની સહાય (સબસીડી) તરીકે આપવામાં આવશે અને બાકીની ૪૦% અને ન મળવાપાત્ર થતી સબસીડીની રકમ લાભાર્થી એટલે કે ખેડુતે ભોગવવાની રહેશે. ઉપરોક્ત સબસીડી/CFA ૭.૫ હો.પા. ની ક્ષમતા સુધીના પંપસેટ માટે મર્યાદિત રહેશે. ૭.૫ હો.પા. થી ઉપરની ક્ષમતાના પંપસેટ માટે ૭.૫ હો.પા. ના પંપસેટને મળવા પાત્ર સબસીડી લાગુ પડશે અને તફાવતની રકમ લાભાર્થીએ ભરવાની રહેશે.

૪ પી.એમ. કુસુમ પોર્ટલ હેઠળ નોંધાયેલ પડતર અરજીઓ કે જેમને સોલાર પંપ કે પરંપરાગત વીજજોડાણ હજુ સુધી મળેલ ન હોય તેવા અરજદારોને અગ્રતા આપવામાં આવશે. આ અરજદારોએ નિયત સમયમર્યાદામાં જૂની અરજીના નોંધણી નંબર સાથે અરજી કરવાની રહેશે.

૫ જંગલ વિસ્તારના અરજદારો કે જેમણે હયાત ગ્રીડથી પરંપરાગત વીજજોડાણ મેળવવા વીજ વિતરણ કંપનીમાં અરજી કરેલ હોય પરંતુ જંગલ વિસ્તારમાં વીજ વિતરણ રેખા ઊભી કરવાની મંજૂરી મળેલ ન હોય તેવી પડતર અરજીઓના અરજદારો જો પરંપરાગત વીજજોડાણના બદલે આ યોજના અંતર્ગત સોલારપંપ સ્થાપવા ઇચ્છે તો તેઓને નિયત સમય મર્યાદામાં જૂની અરજી નોંધણીની પાવતીની ઝેરોક્ષ નકલ સાથે અરજી કરશે તો આવા અરજદારોને અગ્રતા આપવામાં આવશે.

૬ આ યોજનામાં જોડાવા માગતા અરજદારોએ માન્ય કરેલ એજન્સીઓની યાદી માંથી કોઈ એક સોલાર એજન્સીની પસંદગી કરી તેમના દ્વારા સ્ટેટ પોર્ટલ પર જરૂરી દસ્તાવેજો સાથે ઓનલાઇન અરજી કરાવવાની રહેશે તેમજ અરજદાર જાતે પણ કોઈ એક સોલાર એજન્સીની પસંદગી કરી સ્ટેટ પોર્ટલ પર જરૂરી દસ્તાવેજો સાથે ઓનલાઇન અરજી કરી શકશે.

૭ યોજનાની ગાઈડલાઇન મુજબ યુનિવર્સલ સોલાર પમ્પ કંટ્રોલર (USPC)નો ઉપયોગ કરીને સોલાર સિસ્ટમની પ્રસ્થાપિત ક્ષમતાનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકાય છે, જેના દ્વારા સોલાર એનર્જીનો ઘાસ ચારો કાપવા/ફોતરા કાઢવા, ફ્લોર મિલ, કોલ્ડ સ્ટોરેજ, ડ્રાયર વિગેરે જેવી અન્ય પ્રવૃત્તિઓ માટે ખેડૂત ઉપયોગ કરી શકે છે. યોજના મુજબ ખેડૂતે USPC સીસ્ટમ વિકલ્પ પસંદ કરવાનો રહે છે. નિયમાનુસાર રકમ લાભાર્થીએ ભરવાની રહશે.

૮ આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા ખેડૂતો માટેના ધારાધોરણો, મળવાપાત્ર સબસીડી, અરજદારે ભરવાની રકમ, માન્ય એજન્સીની યાદી વગેરેની માહિતી પોર્ટલ પર મુકવામાં આવેલ છે. જે સ્ટેટ પોર્ટલ https://pmkusum.guvnl.com અને વીજ વિતરણ કંપનીઓની વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

તા. ૨૧-૦૮-૨૦૨૫

મુખ્ય ઇજનેર (ટેક.) GUVNL

વધુ માહિતી પેટાવિભાગીય કચેરી, જન સેવા કેન્દ્ર કે નીચે જણાવેલ ટોલ ફ્રી નંબર પરથી મેળવી શકાશે.

| DGVCL | MGVCL | PGVCL | UGVCL |
|---|---|---|---|
| www.dgvcl.com | www.mgvcl.com | www.pgvcl.com | www.ugvcl.com |
| DGVCL-૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩ | MGVCL-૧૮૦૦ ૨૩૩ ૨૬૭૦ | PGVCL-૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૩ | UGVCL ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૫ |
| ૧૯૧૨૩ | ૧૯૧૨૪ | ૧૯૧૨૨ | ૧૯૧૨૧ |